

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

શું 'દષ્ટિ' વસ્તુનું અવલંબન લે છે !! તે તો આખી ચીજને કોળિયો કરી જાય છે; આખેઆખી ચીજમાં વ્યાપ્ત થઈ જાય છે; માલિક બની જાય છે. માલિક કહેવામાં પણ ભેદ આવી જાય છે, 'દષ્ટિ' તો સ્વયં જ તે ચીજરૂપ છે. (૪૪૨)

***

(એક સમયનું) અનંત આનંદનું વેદન આવે - તે પણ 'હું' (ત્રિકાળી તત્ત્વ) નથી; કેમ કે વેદનનો 'મારા'માં (ત્રિકાળીમાં) અભાવ છે. 'હું' એક સમયના વેદનમાં આવી જાઉં તો 'મારો' નાશ થઈ જાય. ('હું' એક સમયની પૂર્ણ પર્યાય જેટલો જ નથી, પરંતુ પૂર્ણ પર્યાયથી પણ અધિક છું - એમ કહેવાનો ભાવ છે.) (૪૬૭)

***

દષ્ટિ તો હરેક સમયે પોતાને પૂર્ણ જ દેખે છે. મુનિ પણ એમ કહે કે 'અમે પામર છીએ' પરંતુ તેમને તો પોતાની ખીલેલી-પરિણતિની પૂર્ણ (સ્વરૂપ)ની સાથે સરખામણી કરતાં પોતાની પામરતા અનુભવે છે – તે અપેક્ષાએ (પોતાને પામર) કહે છે. દષ્ટિ તો સાધકબાધકપણું જ સ્વીકારતી નથી. (૪૭૦)

***

મિથ્યાત્વ હો અથવા સમ્યક્ત્વ હો, તે જુઓ જ નહિ! 'હું તો ધ્રુવતત્ત્વ છું'-અહીં આવતાં જ મિથ્યાત્વ પર્યાય પણ નિશ્ચયનિયમથી ચાલી જ જશે. દષ્ટિના નિર્ણયમાં પૂર્ણ શુદ્ધિ ભરેલી છે. (દષ્ટિના વિષયભૂત સ્વસ્વરૂપમાં પૂર્ણ શુદ્ધિ ભરી છે, અતઃ એના નિર્ણયમાં અર્થાત્ નિર્ણયના ગર્ભમાં પણ પૂર્ણ શુદ્ધિનું સત્ત્વ છે. સ્વરૂપનિર્ણયના કાળમાં નિયમથી સ્વરૂપ અસ્તિત્વનું ગ્રહણ થાય છે અને સ્વભાવના સંસ્કાર એવા પડે છે કે જેના ફળસ્વરૂપ સિદ્ધપદ પ્રગટ થાય જ. એમ દષ્ટિના વિષયભૂત સ્વસ્વરૂપનો નિર્ણય થતાં જ બધી અવસ્થાઓં પ્રતિ ઉપેક્ષા સહજ જ થઈ જાય છે.) (૪૮૦)

***

આ ધ્રુવતત્ત્વ કોઈને નમતું (ઝૂકતું) જ નથી. પોતાની સિદ્ધપર્યાયને પણ નમતું નથી. (૪૮૧)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૩, વર્ષ–૨૪, સપ્ટેંબર–૨૦૨૦

## અષાઢ વદ ૬, શુક્રવાર, તા.૮–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૭૮ પ્રવચન–૨૯

૭૮. 'ત્રણને છોડી ત્રણ ગુણરૂપ વિચારો.'

**तिहिं रहियउ तिहिं गुण-सहिउ जो अप्पाणि वसेइ।**
**सो सासय-सुह माय बि जिणवरु एम भणेइ।।७८।।**

**'રાગ, દ્વેષ, મોહથી રહિત થઈને... '** પહેલા બે લીધા હતારાગ, દ્વેષ. આ મોહ (કહીને ત્રણ કહ્યા). મોહ (એટલે) મિથ્યાત્વ. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ત્રણને છોડીને. **'ત્રણ ગુણ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આત્મામાં જે નિવાસ કરે છે...'** જે કોઈ મિથ્યાત્વભાવ છોડીને પોતાના આત્મામાં સમ્યગ્દર્શન (સહિત) નિવાસ કરે છે, રાગ-દ્વેષ છોડીને સ્વરૂપની સ્થિરતામાં નિવાસ કરે છે. આત્મામાં સ્થિરરૂપ નિવાસ કરે છે **'તે અવિનાશી સુખનું ભાજન થાય છે.'** એ પાત્ર થઈ ગયો. હવે કેવળજ્ઞાન પામવાનો પાત્ર થઈ ગયો. સમજાય છે કાંઈ? અહીં તો સત્ય નિશ્ચયની વાત છે ને! અહીંયાં વ્યવહારને તો યાદ કરવાનો છે નહિ. એ તો વચમાં વિકલ્પ આવે છે, એ તો બંધનું કારણ છે.

જેને આત્માની પરમાનંદ દશારૂપી મુક્તિની ચાહના છે, જેને આત્માની અનંત આનંદરૂપી મુક્તિની ચાહના છે તેણે રાગ-દ્વેષ, મોહનું લક્ષ છોડી પોતાના ભગવાન આત્માના દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરવા. આહાહા..! અનાદિથી પોતાથી આંખ વીંચી છે અને અનાદિથી પરને જોવે છે. તો પરને જોવાની આંખ બંધ કરીને પોતાને જોવો, એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ, તેને અનાદિથી પોતાના જ્ઞાનચક્ષુને બંધ કરીને ક્યારેય જોયો નથી. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, ભોગ એમ જોયું. એ તો અજ્ઞાન છે. એકવાર પોતાના જ્ઞાનનેત્રને ખોલી, જ્ઞાનનેત્રને ખોલી પોતાના ચૈતન્ય આનંદકંદ સ્વરૂપને જોઈને પ્રતીત કરવી, તેનું જ્ઞાન કરવું અને તેમાં લીન થવું તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (છે). તે મુક્તિનો પાત્ર છે. ભાજન કહ્યું ને? ભાજન. શાશ્વત સુખનું ભાજન છે. અલ્પકાળમાં તેને શાશ્વત સુખની પ્રાપ્તિ થશે.

મુમુક્ષુ : લગાવે ત્યારે આંખ ખુલેને.

ઉત્તર : લગાવે કોણ? આત્મા પોતે લગાવે. પોતાના જ્ઞાનનેત્રના ચક્ષુ આત્મા પોતે ખોલે. બીજો કોણ ખોલે? ગુરુ શું કરે? ગુરુ પોતાની પર્યાય કરે, બીજાની શું કરે?

મુમુક્ષુ : ..

ઉત્તર : કોણ ધારે છે? એ તો નિમિત્તરૂપે ઉપદેશ હોય ત્યારે હોય છે. આહાહા..! 'કર વિચાર તો પામ.' આવે છે કે નહિ? 'શ્રીમદ્'માં. આવે છે ને? ભાઈ! કર વિચાર, એક જ શબ્દ એમણે મૂક્યો છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું

કર વિચાર તો પામ.' કર તું તો પામ. અમે કહીએ તો પામ, એમ છે એમાં?

મુમુક્ષુ : એટલું તો કહ્યું ને કે કર વિચાર તો પામ.

ઉત્તર : કોણે કીધું પણ? સાંભળ્યું કોણે? સમજ્યો કોણ? થઈ રહ્યું. સમજ્યો ઈ અને સમજાવ્યું એણે. ઈ 'ઈષ્ટોપદેશ'માં આવ્યું નથી? ઈ આવી ગયું છે. ગુરુ કોને કહીએ? કે, જે પોતે ચક્ષુ ઉઘાડે અને જે પોતાને સમજાવે તે પોતે. પોતે પોતાનો ગુરુ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? 'ઈષ્ટોપદેશ'માં આવ્યું છે કે નહિ? કે, ગુરુ કોને કહેવા? જે આત્મા પોતાના હિતને ચાહે, હિતને બતાવે અને હિતના ફળ માટે પોતામાં પ્રાર્થના કરે તેને ગુરુ કહે છે. સાંભળ્યું છે કે નહિ? ઈ આવી ગયું છે. હિતને ચાહે, હિતને સમજાવે-સમજે અને હિતમાં વર્તન કરે. લ્યો! બરાબર છે? એ ગુરુના લક્ષણ આપ્યા છે. 'ઈષ્ટોપદેશ', 'પૂજ્યપાદસ્વામી'. 'કુંદકુંદાચાર્ય'ના શિષ્યોમાં 'ઉમાસ્વામી'એ બનાવેલું 'તત્ત્વાર્થ સૂત્ર', તેની જેમણે ટીકા બનાવી 'સર્વાર્થસિદ્ધિ ટીકા', 'મોક્ષશાસ્ત્ર'ની. એ 'પૂજ્યપાદસ્વામી' કહે છે. વ્યવહાર શાસ્ત્રની ટીકા બનાવી એ 'ઈષ્ટોપદેશ'માં કહે છે, પોતાને ઉપદેશ આપે, મોક્ષની ચાહના કરે અને મોક્ષનો ભાવ તેને સમજાવે અને તેમાં વર્તન કરે એ ગુરુ.



મુમુક્ષુ : આ તો નિશ્ચયગુરુ કીધા.

ઉત્તર : ત્યારે ઓલા વ્યવહારને વ્યવહાર કહેવાય. આ વસ્તુ હોય તો બીજાને વ્યવહાર કહેવાય. કહ્યું છે ને! બીજું કહ્યું પણ ક્યારે? આ થાય ત્યારે ને? નિશ્ચય હોય ત્યારે એમ કહેવાય કે આ ગુરુથી અમને મળ્યું. એમ બોલાય. 'ગોમ્મટસાર'માં મુનિઓ પણ એમ કહે, અમારા ગુરુથી અમે ભવસાગર તરી ગયા છીએ. એ પોતે તર્યા એની હોંશ બતાવે છે. સમજાણું કાંઈ? હોંશને શું કહે છે? ઉત્સાહ, ઉત્સાહ. 'ગોમ્મટસાર'માં 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'માં આવે છે. ઉલ્લાસ.. પોતાનો ઉલ્લાસ.. ઓ..હો...! પ્રભુ! તમારા પ્રતાપે અમે ભવસાગર તરી ગયા, હવે અમારે ભવ નથી. આહાહા..!

મુમુક્ષુ : ..

ઉત્તર : એ તો નિમિત્તથી એવા જ કથનો આવે. ભાષા, એવી વ્યભિચારી ભાષા છે. એ 'ગોમ્મટસાર'માં એમ આવે છે, છેલ્લે એ શબ્દ છે. છે કે નહિ? લાવો ને, ભાઈ! પાઠ તો લાવો, ટાણે આવે તો શોભે, નહિતર શોભે શું? કેમ? એ..ઈ...! 'ન્યાલભાઈ'! માણસ એમ કહે કે, ટાણે આવે તો માંડવે આવે તો માંડવો શોભશે, એમ કહે છે ને? લગ્નમાં માંડવો કરે છે ને? બેન-દીકરીને લખે કે, ટાણે આવજો, ભાણેજને બધાને લઈને (આવજો), માંડવાની શોભા વધશે. એ બધી સંસારની વાતું એવી છે. માંડવો, માંડવો નાખે છે ને? મંડપ. કંકોત્રીમાં એમ લખે. મંડપ કહે છે? અહીં કાઠિયાવાડમાં માંડવો કહે છે. ૪૩૬ ગાથા છે. લ્યો, જે જોઈએ ઈ પાનું આવ્યું. લીટા કર્યા છે, જુઓ! '....' 'વીરેન્દ્રનંદી' નામના આચાર્યનો શિષ્ય એવો હું, 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી', 'ગોમ્મટસાર'ના કર્તા. 'વીરનંદી' નામના આચાર્યનો હું શિષ્ય, ગ્રંથકર્તા 'નેમિચંદ્ર' છું. શાસ્ત્રશિક્ષા દાયક ગુરુચરણોના પ્રસાદથી, શાસ્ત્ર શિક્ષાદાયક ગુરુચરણોના પ્રસાદથી અનંત સંસાર સમુદ્રના

પારને પ્રાપ્ત થયો. તે શ્રુતગુરુ 'અભયનંદીઆચાર્ય'ને નમસ્કાર કરું છું. જુઓ! એમને નિશ્ચય પણ થઈ ગયો કે, અલ્પકાળમાં મારો સંસાર નાશ પામશે. સંસાર છે નહિ. આ પંચમઆરાના મુનિ કહે છે. ૪૩૬ ગાથા છે. સમજ્યા? '**अनंत संसार जलही उतीनो**' અનંત સંસારના દરિયાનો પાર પામી ગયો. પોતાની સાક્ષી છે ને! ત્યારપછી કહે છે, હે પ્રભુ! તમારા ચરણકમળની સેવાથી હું આ પામ્યો. એમ વિનયથી ભાષા છે. એમાં ભગવાનના પગ સેવવા હતા? પગ દાબવા હતા? એમણે કહ્યો એવો ભાવ પોતામાં પ્રગટ કર. સંસારથી હું પાર થયો છું, પ્રભુ! આપની મારી ઉપર કૃપા છે. ભાષા તો એમ બોલે ને! વિનયવંત પ્રાણી કેમ બોલે? સમજાણું કાંઈ? ઓહો..હો..! '...' પછી દસ કરણની વ્યાખ્યા લ્યે છે. દસ કરણ આવે છે ને? પોતાનો આહ્‌લાદ પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્યદેવે' પણ કહ્યું, અહો...! સર્વજ્ઞ ભગવાનથી માંડી અમારા ગુરુ પર્યંત મહા આત્મામાં લીન, વિજ્ઞાનઘનમાં લીન (હતા), વિજ્ઞાનઘનમાં લીન એવા અમારા ભગવાન અને પછી અમારા ગુરુએ અમને કૃપા કરીને ઉપદેશ આપ્યો, શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. લ્યો! ટૂંકો શબ્દશુદ્ધાત્માનો ઉપદેશ. ભગવાન તું શુદ્ધાત્મા છો, પરમાનંદ છો. બસ! એમાં વિચાર કરીને ઠરો. સમજાણું કાંઈ? જેણે પોતાના પુરુષાર્થથી પ્રગટ કર્યું તેને ગુરુની કૃપા થઈ એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

(અહીંયાં) કહે છે કે, '**ત્રણ ગુણસમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આત્મામાં જે નિવાસ કરે છે...**' જુઓ! જે આત્મામાં નિવાસ કરે છે (એમ કહ્યું). પુણ્ય-પાપના જે વ્યવહાર વિકલ્પ છે તેનો નિવાસ છોડીને. આહાહા..! ભગવાનઆત્મા જ મુક્ત સ્વરૂપ છે. મુક્ત સ્વરૂપ જ છે. રાગથી, બંધનથી રહિત અબંધ સ્વભાવી ભગવાનઆત્મા છે. તેમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય તેના આશ્રયે પ્રગટ કરી આત્મામાં વસવું, આત્મામાં વસવું. સમ્યગ્દર્શન, જ્ઞાનથી આત્મામાં વસવું. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપની અંતરમાં સ્વસન્મુખની શ્રદ્ધા, સ્વસન્મુખનું જ્ઞાન, સ્વસન્મુખમાં લીનતા એ ત્રણેથી આત્મામાં વસીને મુક્તિનો પાત્ર થઈ જા. આહાહા..!

'**अप्पाणि जो वसेइ**' શાશ્વત સુખનું ભાજન થાય. '**जिणवरु एम भणेइ**' છે ને? જિનવર વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણની સભામાં ભગવાન આમ કહેતા હતા, પરમાત્મા આમ ફરમાવતા હતા. બાકી તો વાણી આવતી હતી, બોલે ક્યાં?

'**સમ્યગ્દષ્ટિ જીવને એ નિશ્ચય હોય છે કે આઠેય કર્મનો બંધ આત્માના સ્વભાવથી ભિન્ન છે.**' આઠેય કર્મનો બંધ મારાથી ભિન્ન છે. દૃષ્ટિમાં આત્મા કર્મથી ભિન્ન જ છે. એની શંકા એને પોતાને જ રહે છે, એ શંકાને તોડનારો તો એ છે. હું આઠ કર્મથી રહિત ભગવાનઆત્મા છું. આઠ કર્મ સહિત તો વ્યવહારનું લક્ષ છે, એટલું. સ્વભાવના લક્ષમાં આઠ કર્મથી રહિત છું. વર્તમાન, હોં! વર્તમાન. આહાહા..! કેટલી દૃષ્ટિના જોરે એ કબુલતા આવે છે! એ જોર કોનામાં પડ્યું છે? આત્મામાં એટલું જોર પડ્યું છે. પૂર્ણ બળ પડ્યું છે, આત્મામાં પૂર્ણ બળ પડ્યું છે. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. એવા પૂર્ણ બળનો ધણિ આત્મા, તેની પ્રતીતિ, જ્ઞાનમાં એમ આવવું કે હું આઠ કર્મથી રહિત છું. આ તે શું છે! હું વિકાર, પુણ્ય-પાપના વિકારથી હું રહિત છું, હું શરીર, વાણી, નોકર્મથી પણ જુદો છે. ક્યા પુરુષાર્થ ગતિમાં એ વાત જ્ઞાનમાં આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? અલ્પજ્ઞ, અલ્પદર્શી રાગાદિ અને નિમિત્તનો સંબંધ હોવા છતાં ઊડાડી દે. દૃષ્ટિ તેનો સ્વીકાર નથી કરતી. હું આઠ કર્મથી રહિત પૂર્ણાનંદ છું. કર્મ, શરીરથી રહિત છું, વાણીથી રહિત છું, વિકારથી રહિત છું. સમજાણું કાંઈ? એવા આત્માનો અંતર સ્વભાવ, પોતાનો સ્વભાવ પરથી ભિન્ન જાણવો. (પછી) આઠ કર્મની વાત લીધી છે.

'**જેમ વિવેકી જીવ મલિન પાણીમાં ફટકડી નાખીને...**' ફટકડી સમજ્યા? ઔષધ આવે છે ને? '**માટી અને પાણી અલગ કરી નિર્મળ પાણી પીએ**

**છે તેવી જ રીતે જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનના બળથી...'** પોતાના શુદ્ધ ધ્રુવ સ્વરૂપ તરફ લક્ષ કરીને પુણ્ય-પાપના રાગ તરફથી હટીને, રાગ અને સ્વભાવની એકતાને તોડીને, પરથી ભિન્ન ભેદજ્ઞાનના બળથી. જુઓ! બળથી. હું શુદ્ધ ચૈતન્ય પદાર્થ ભગવાન અતીન્દ્રિય આનંદ (છું), એમ રાગ અને વિકલ્પથી ભેદજ્ઞાન કરીને ભેદજ્ઞાનના બળથી. સમજાણું કાંઈ? **'રાગ-દ્વેષ-મોહને આત્માથી ભિન્ન કરીને વીતરાગ વિજ્ઞાનમય આત્માનો અનુભવ કરે છે.'** એ પુરુષાર્થની ગતિ કેટલી છે? આહાહા..! કોણ કરે છે? સમજાણું કાંઈ? જે દષ્ટિમાં વર્તમાન અવસ્થા અલ્પજ્ઞ રાગવાળી હોવા છતાં અને તેમાં કર્મનું નિમિત્ત હોવા છતાં જે દષ્ટિ અંતરમાં અલ્પજ્ઞ, રાગ અને કર્મના સંબંધ રહિત હું છું એવું ભેદજ્ઞાન કરીને પોતાના સ્વરૂપમાં વીતરાગપણાનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? તે અલ્પકાળમાં મોક્ષને પામે છે. જરી લાંબી વાત કરી છે.

**'વ્યવહારનયથી જોવામાં આવે તો સંસારી જીવોમાં ભેદ દેખાય છે.'** વ્યવહારથી ભેદ દેખાય છે. ઘણા દાખલા આપ્યા છે. મિત્ર, શત્રુ દેખાય. સ્વભાવની દષ્ટિ હોય તો કોઈ મિત્ર, શત્રુ નથી. વ્યવહારથી આ મિત્ર ને શત્રુ (છે એમ કહેવાય). માતા અને પિતા. વ્યવહારથી દેખાય છે. આત્માને માતા-પિતા કેવા? આત્માને કોઈએ ઉત્પન્ન કર્યો છે તો માતા-પિતા છે? નિશ્ચયથી ભગવાન માતા-પિતા રહિત, શત્રુ-મિત્રની દષ્ટિ રહિત (છે). વ્યવહારથી દેખાય છે પણ એ દષ્ટિને ફેરવીને નિશ્ચયથી જોવાની દષ્ટિ કરવી. પુત્ર-પુત્રી વ્યવહારથી (કહેવાય). સ્વામી-સેવક. સ્વામી અને સેવક વ્યવહારથી (છે). ધ્યાતા-ધ્યેય વ્યવહારથી, સુંદર-અસુંદર. આ સુંદર-અસુંદર ભેદ, વ્યવહાર છે. આત્માના સ્વભાવની દષ્ટિમાં એ ભેદ નથી. આહાહા..!

વ્યવહારથી આમ હોવા છતાં પણ નિશ્ચયદદષ્ટિએ જોવાથી સ્વભાવધારી ભગવાન પરનો જાણનાર-દેખનાર જ છે, ભેદ પાડનારો નથી. રોગી-નિરોગી. વ્યવહારથી કહે, આ રોગી, નિરોગી છે. બે-બે ભંગ (લીધા છે). ધનિક-નિર્ધન, વિદ્વાન-મૂર્ખ, બળવાન-નિર્મળ, કુલીન-અકુલીન, સાધુ-ગૃહસ્થ એ પણ વ્યવહારના ભેદ છે. સ્વભાવની દદષ્ટિમાં ભેદ નથી. અભેદ અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો આત્મા (છે) એવી દષ્ટિએ જોવાથી ભેદ નથી. સમજાણું કાંઈ? એવી દષ્ટિએ જોવું તે નિશ્ચય સમ્યગ્દષ્ટિ છે. આહા..!

રાજા-પ્રજા, દેવ-નારકી, પશુ-માનવ, સ્થાવર-ત્રસ, સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત, પ્રત્યેક-સાધારણ, પાપી-પુણ્ય આત્મા, લોભી-સંતોષી, માયાવી-સરળ, માની-વિનયવાળો. એ બધો વ્યવહાર છે. ક્રોધી-કપટવાળો, સ્ત્રી-પુરુષ, બાળક ને વૃદ્ધ, અનાથ-સનાથ, સિદ્ધ ને સંસારી **'ગ્રહણ કરવા યોગ્ય અને ત્યાગવા યોગ્યનો ભેદ દેખાય છે.'** વ્યવહારનયથી જુવો તો ગ્રહણ યોગ્ય અને ત્યાગવા યોગ્ય દેખાય છે. સમજાણું કાંઈ? **'ત્યાં વિષયભોગનો લોલુપી અને કષાયનો ધારક જીવ ઈષ્ટ પ્રત્યે રાગ અને અનિષ્ટ પ્રત્યે દ્વેષ કરે છે. બહારના વ્યવહારમાં દેખાતું આ આખું જગત રાગ-દ્વેષ, મોહ ઉત્પન્ન કરવાનું નિમિત્ત બની જાય છે. તેથી જ્ઞાનીએ રાગ-દ્વેષ, મોહ ભાવોની મલિનતા ન થાય તે માટે નિશ્ચયનયથી જગતને જોવું જોઈએ.'** બધા દ્રવ્ય છે, પરિપૂર્ણ પદાર્થ ભગવાનઆત્મા છે. આહાહા..! શત્રુ-મિત્ર એવા ભેદ છે નહિ, મૂર્ખ-વિદ્વાનના ભેદ નથી, માતા-પિતાનો (ભેદ) નથી, ધ્યાન-ધ્યાતાનો નથી. આહા..! એક વસ્તુ અભેદ ચિદાનંદ સ્વરૂપ (છે) એવી દષ્ટિનો અભ્યાસ કરવો. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય આત્માના ગુણ છે. આત્મા સ્વભાવથી યથાર્થ પ્રતીતિનો ધારક છે.'** આ ત્રણ ગુણ લીધા ને? ત્રણ. ભગવાનઆત્મા વાસ્તવિક રીતે યથાર્થ પ્રતીતિનો ધરનાર જ છે. તેનો સ્વભાવ યથાર્થ શ્રદ્ધા-પ્રતીત ધરનારો આત્મા છે. તેમાંથી યથાર્થ પ્રતીત કાઢવાની છે, છે તેમાંથી કાઢવી છે તેમાં શું

છે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા યથાર્થ પ્રતીતિનો ધરનાર છે.

**'પોતાને પોતે, પરને પર યથાર્થ માનનારો છે...'** એવો જ છે. પોતાને પોતે અને પરને પર એવું શ્રદ્ધાન કરવાનો તેવો તેનો ત્રિકાળ સ્વભાવ છે. વસ્તુ એવી છે ને! એ દર્શનની વાત કરી. **'લોકાલોકના સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સાથે જાણનાર છે. '** સર્વ લોક અને અલોક, છ દ્રવ્ય, તેના ગુણ અને પર્યાયને એકસાથે જાણનાર છે, એવો એનો સ્વભાવ છે. **'ચારિત્ર ગુણથી એ પરમ વીતરાગ છે.'** સમજાણું કાંઈ? **'રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દષ્ટિએ એકરૂપ છે.'** પહેલા ત્રણ (ભેદ) લીધા. પછી ભેદ કાઢી નાખ્યા. **'રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દષ્ટિએ એકરૂપ છે.'** એમ. ઓલા ત્રણ ભેદ કહ્યા પણ રત્નત્રય દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દષ્ટિએ એકરૂપ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રના ભેદ પણ દષ્ટિનો વિષય અભેદમાં નથી.

**'શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ છે.'** ભગવાનઆત્મા શુદ્ધ સ્ફટિકની પેઠે નિર્મળાનંદ પ્રભુ અંદર છે. **'પરમ જ્ઞાન પરમ શાંત અને પરમાનંદમય છે. આ પ્રમાણે વારંવાર પોતાના આત્માનું ધ્યાન કરવું. પછી પરિણામોની સ્થિરતા થતાં સ્વયં આત્માનુભવ પ્રગટશે. એ જ મોક્ષનો માર્ગ છે.'** એ શુદ્ધ સ્વરૂપની વારંવાર એવી ભાવના કરતાં અનુભવ થશે તેનું નામ જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. મોક્ષમાર્ગ માટે એને ઠીક બેઠું છે, નિમિત્તમાં જરી ગોટો આવે છે. કહો, સમજાણું કાંઈ?

'સમયસાર'માં એ દાખલો આપ્યો છે, **'હું મારા વડે જ મારા આત્માના શુદ્ધ રસથી પૂર્ણ ચેતન પ્રભુનો અનુભવ કરું છું.'** કળશ (છે). **'હું મારા વડે જ...'** મારા આત્મિક શુદ્ધરસથી, આત્મિક શુદ્ધરસથી પૂર્ણ ચેતન પ્રભુ હું છું, તેનો અનુભવ કરું છું. **'હું કેવળ શુદ્ધ જ્ઞાનનો ભંડાર છું. મારે મોહકર્મ સાથે બિલકુલ કોઈ સંબંધ નથી.'** જે શ્લોક બોલીએ છીએ એ જ છે ને? 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ. કહૈ વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હું.' ધર્મી પોતાના આત્માને એવો વિચાર કરે છે, 'કહૈ વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હું, અપને રસસૌં ભર્યો અનાદિ ટેક હું.' અનાદિથી મારું સ્વરૂપ આવું છે. 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! 'બનારસીદાસે' આ શ્લોક ઉપરથી બનાવ્યું છે. હિન્દી, હિન્દી બનાવ્યું છે. સમજાય છે કાંઈ? 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ' ઓલો ભ્રમકૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માનવા એ ભ્રમનો કૂપ છે, મિથ્યાત્વનો કૂવો છે. ભગવાન શુદ્ધ ચેતનાનો દરિયો છે. શુદ્ધ ચેતનાનો સિંધુ.. સિંધુ.. સિંધુ. એવી અંતરમાં પોતાના આત્માની દદષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ ૭૮ (ગાથા પૂરી થઈ).

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (સપ્ટેંબર-૨૦૨૦)નું શુલ્ક શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૧૬૭ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૫–૨–૧૯૮૩, પ્રવચન નં. ૬૫૮ (વિષય : માર્ગદર્શન)**

**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૭.**

આત્માના મહિમાનો વિષય ચાલે છે. ટાઈમનો કાંઈ ખ્યાલ ન રહ્યો. મહિમાનો વિષય છે ને? '**મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટશે નહીં.**' છતાં આત્માનો મહિમા આવતો નથી અને તેથી પામરતાના સંસ્કાર છૂટશે નહિ. તો શું કરવું? અહીંયાં જરા મુંઝવણ થાય એવું છે. અસ્તિ-નાસ્તિથી વાત લીધી છે એમાં પણ પ્રયોજન છે.

'**તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં.**' તો કહે છે કે તને ભગવાન આત્માનો મહિમા નથી આવતો એ મહિમા આવે એવી તારી ભાવના છે, તો એનો પણ ઉપાય છે. એનો ઉપાય નથી એવું નથી. એનો ઉપાય એ છે એ બીજા પદમાં છે કે '**તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં.**' એટલે તું જ્યાં ઊભો છો, જ્યાં તારા પરિણામ દીનપણે પરિણમે છે, લાચારીપણે પરિણમે છે એને છોડવા માટે તારા વર્તમાન અનુભવને તું જો. એને તપાસ, એને જો અને જ્ઞાનમાં એને ટાળવાના પ્રયોજનથી અવલોકતા, જોતાં, તપાસતા એ પરિણામનો રસ મંદ થયા વિના રહેતો નથી.

પરિણામ વિષયક સિદ્ધાંતમાં, તેમાં પણ ખાસ કરીને વિકારી વિભાવરૂપ પરિણામના વિષયમાં એવો સિદ્ધાંત છે કે જેને વિભાવથી દૂર થવું હોય, જેને વિભાવ મટાડવો હોય, જેને વિકાર ટાળવો હોય, તે જો એ પરિણામ થવાના કાળમાં જાગૃત રહે કે, અરે..! આ પરિણામ હું ઈચ્છતો નથી અને થાય છે, તો થાય છે એ કાંઈ મફત થતા નથી. આ જીવ તે તે વિષયોને મહત્તા આપે છે, સુખનું કારણ જાણે છે, સુખબુદ્ધિ પડી છે તેથી થઈ આવે છે. ન ઈચ્છવા છતાં થઈ આવે તેનું કારણ શું? કે સુખબુદ્ધિ પડી છે તે તેનું કારણ છે.

વિચાર વડીએ કરીને જાગૃતિમાં આવીને એ પરિણામનું અવલોકન કરે તો જ્ઞાનની અવલોકવાની એ શક્તિ તેના

વિભાવરસને મંદ કરે છે. અને કોઈપણ વિભાવનો રસ મંદ થાય ત્યારે એ ટળવામાં સહેલો થાય છે. તીવ્ર રસમાં કોઈ વિભાવ ટળી શકે નહિ. વિભાવરસ છે એ પર સંબંધિત રસ છે અને પર–રસ મોળો પડે છે ત્યારે જ એનું જ્ઞાનદર્પણ થોડું ચોખ્ખું થાય છે કે જેમાં એને જ્ઞાનનો જ્ઞાનરસ ઉત્પન્ન થવાનો અવકાશ થાય છે અથવા જ્ઞાનમાં પોતાનું જ જ્ઞાનસ્વરૂપ—જ્ઞાનસ્વભાવ પ્રતિભાસવાનો અવકાશ થાય છે. એટલે જે બીજું પદ છે એ એના ઉપર છે.

**'તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં.'** જીવ પામરતાના પરિણમનમાં ઊભો છે. એ દીનપણે પરપદાર્થમાં અને પરભાવમાં સુખની વાંછા કરે છે, સુખની અભિલાષા કરે છે, ત્યાં એ જો જાગૃત થાય કે આ ભૂલ થાય છે એમ હું સમજ્યો છું, હવે તપાસવું કે મારી ભૂલ આ કેમ થઈ? જો મને એવું સમજાયું છે તો એ સમજણને હું મારા અનુભવ સાથે મીંઢવું—મેળવું અને એ સમજણને હું ભૂલ ભાંગવા માટે લાગુ કરું તો એનો, પરિણામ થઈ ગયા તે તો થઈ ગયા, થયા તે ન થયા ન થાય પણ એનો રસ મંદ પડ્યા વિના રહે નહિ. જો એનો રસ આ પ્રકારે મંદ પડે એટલે કે એની તુચ્છતા અને પામરતા અને દીનતા સંબંધિત રસ ગળે તો એને શુદ્ધાત્માનો રસ આવવાની સંભાવના છે.

કઈ રીતે સંભાવના છે? હવે અહીંથી ઉપડવું જોઈએ. તો એને જેવું જ્ઞાનનું-આત્માનું સ્વરૂપ છે, જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું જેવું સ્વરૂપ છે એવું એને પ્રતિભાસે એટલે કે ઓળખાણ (થાય)...

... એવો દેખાવ થઈ ગયો હોય કે જાણે લોઢાનો કટકો છે. કાળું-કાળું લાગી ગયું હોય બધું. અને એ બહાર નીકળે ત્યારે એને લોઢા તરીકે સાચવ્યા વિના એમનેમ ગમે ત્યાં પડ્યો રહે. એમાં ક્યાંક અથડાઈ જાય, ભટકાઈ જાય, પટકાઈ જાય અને અંદરથી ચમક, ક્યાંક ટોચો લાગતા ચમક દેખાય અને ચમકે. ટોચો લાગતા ચમક દેખાય અને ચમકે કે આ પીળું-પીળું ચમકદાર લોઢામાંથી ક્યાંથી દેખાય છે? વહેમ પડે બધી પ્રક્રિયા ... દુઃખસહિતપણું છે અને પરદ્રવ્ય તો સુખ-દુઃખથી રહિત છે. સુખથી પણ રહિત છે અને દુઃખથી પણ રહિત છે. એ તો જડ છે. ત્યારે એની કિંમત એને જરા પણ આવતી નથી. એ ભાવો અને એ દ્રવ્યો એને તુચ્છ લાગે છે. પોતાની કિંમત આગળ એની તુચ્છતા ભાસે છે ત્યારે એને પરપદાર્થનું આકર્ષણ સમ્યક્ પ્રકારે, પોતાના સ્વરૂપની મહિમાના કારણે સમ્યક્ પ્રકારે છૂટે છે. એ એક જ કાળમાં પછી બને છે.

પહેલા આવો વિચારમાં રસ ગળવાનો પ્રોસેસ જરૂર થાય છે. પણ જેવો શુદ્ધાત્મા એને ઓળખીને મહિમામાં આવે છે ત્યારે જ એના પરપદાર્થ પ્રત્યેના સંસ્કાર છૂટી જાય છે. સંસ્કાર શબ્દ લીધો છે. રસ ગળે છે ત્યાં સુધી હજી સંસ્કાર નથી જતાં. પણ રસ ગળતા જ્યાં શુદ્ધાત્મા જ્ઞાનમાં આવે છે, આખે આખો પરમાત્મા પોતે છે એમ જ્યારે એને સમજાય છે, ભાસ્યમાન થાય છે ત્યારે એને આ જગતમાં પોતાનું પદ સર્વોત્કૃષ્ટ ભાસે છે. ત્યાં સુધી કે ક્યાંય પણ એને દીનપણું કરવું પોસાતું નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના ભક્તિના પરિણામની દીનપણાની વૃત્તિ (થાય) પણ એનો એને નિષેધ આવે છે. ઠીક! જગતના પદાર્થો અને વિષયો પ્રત્યે તો સુખની અને દીનતાની વૃત્તિ ગઈ છે, સાથે-સાથે ગુણમાં મહાન છે એવા જે દેવ-ગુરુ તેના પ્રત્યે પણ દીનપણાની વૃત્તિ એને પોસાતી નથી.

'સોગાનીજી' તો એ બહુ જોરથી વાત કરતા. ભગવાન કો વંદન કરના, ગુરુ કો વંદન કરના યહ દીન પરિણામ હૈ. એમ. 'દીન ભયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાં સે હોય' એમ કહેતા. ભલે તું ભગવાન.... ભગવાન... ભગવાન... ભગવાન... કરે છો, બીજા ભગવાનને. અને એનું નામ સ્મરણ કરે છો, પણ દીન થઈને કરીશ માં એમ કહે છે. તારા પરમાત્મપદની ઉત્કૃષ્ટતાની સ્થાપના જ્ઞાનમાં થાય તો એ વૃત્તિનો નિષેધ આવ્યા વિના રહેશે નહિ અને એ વૃત્તિનો નાશ થઈને તને મુક્તદશા પ્રગટ થશે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- દેવ ને ગુરુ પણ આમ જ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ એમ કહે છે કે અમારું નામ સ્મરણ કરવાની તારે કોઈ આવશ્યકતા નથી. તું પોતે સિદ્ધ છો, સિદ્ધપદ છો. બસ! એમાં તું સ્થિર થા. એમાં બધું આવી ગયું. '**णाणसहावाधियं मुणदि आदं**' આત્માને જ્ઞાનસ્વભાવપણે અધિક સ્થાપતા તીર્થંકરની સ્તુતિ થાય છે. એ તો જવાબ આપ્યો છે. ભગવાનની ખરી સ્તુતિ--નિશ્ચય સ્તુતિ આ છે કે એમણે જે આજ્ઞા કરી એ આજ્ઞા અનુસાર પરિણમન થવું એ એમની આજ્ઞાનું માનવાપણું છે, એ એમની આજ્ઞાનું અંગીકાર કરવાપણું છે અને એમાં જ એમનું બહુમાન સચવાય છે. એમની આજ્ઞા માનતા એમનું બહુમાન સચવાય છે. આજ્ઞા વિરુદ્ધ જતાં એમનું બહુમાન રહેતું નથી. એમ છે. એ મહિમાનો વિષય ઓળખાણ સાથે સંબંધ ધરાવે છે અને ત્યારે એને પામરતાના સંસ્કાર છૂટી જાય છે.

મુમુક્ષુ :- ત્રણ તબક્કા લીધા. અશુદ્ધ સંસ્કાર છૂટ્યા, રાગની એકતાના સંસ્કાર છૂટ્યા અને ત્રીજુ લીધું તુચ્છતાના સંસ્કાર.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંસ્કાર-સંસ્કાર શબ્દ લે છે. જુઓ! આ પ્રવચનમાં પહેલેથી એ સંસ્કારની વાત છે. '**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધતાના...**' અશુદ્ધતાના સંસ્કાર શબ્દ લે છે. અશુદ્ધભાવ છૂટતા નથી એમ લીધું ને? એ અશુદ્ધભાવમાં શું કહેવું છે? અશુદ્ધ સંસ્કાર છે એ છૂટવા જોઈએ. નહિતર અશુદ્ધતા તો રહે છે બારમા ગુણસ્થાન સુધી. પણ અહીંયાં જ્યાં નિર્વિકલ્પ આનંદરસનો સ્વાદ આવ્યો (ત્યાં) મૂળમાં અશુદ્ધતાના સંસ્કાર છૂટી જાય છે. પછી ઉપરની અશુદ્ધતા રહી જાય છે.

પછી અહીંયાં એમ લીધું '**એકતાના સંસ્કાર છૂટ્યા વિના...**' એમ. '**રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી.**' ત્યાં પણ સંસ્કાર શબ્દ વાપર્યો છે. અહીંયાં પણ '**તુચ્છતા-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં.**' ત્રણે જગ્યાએ સંસ્કાર ઉપર વજન લીધું છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા એના મૂળમાં રહેલી જે વાત છે એ જ છૂટવી જોઈએ. મૂળ ફરી જાય. સમ્યગ્દર્શનનો મહિમા એટલા માટે છે. 'દંસણં મૂલો ધમ્મો'. આખા સિદ્ધપદનો આવિર્ભાવ થવો, સિદ્ધપદનું પ્રગટ થવું, એનું મૂળિયું કોઈ હોય તો તે સમ્યગ્દર્શન છે. જે કોઈ આત્માઓ પરમાત્મદશાને પામ્યા, મુક્તિને પામ્યા, એવું જે સાક્ષાત્ મહાન સિદ્ધપદ, ત્રણે લોકમાં સર્વોત્કૃષ્ટ, ત્રિલોકીનાથ પદ જેને કહે છે એનું મૂળ સમ્યગ્દર્શન છે અને બહુ મજબુત મૂળ છે એ. એ અનંત અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવના જેટલા કોઈ વિરુદ્ધ સંસ્કાર છે એને મૂળમાંથી એ ખલાસ કરે છે. નહિતર આ એક પ્રશ્ન થાય એવું છે કે અરે..! આ જીવને ભૂતકાળની હયાતી જોઈએ તો એનો બહુ મોટો કાળ તો નિગોદમાં ગયો છે.

કોઈપણ જીવના અસ્તિત્વના ભૂતકાળને તપાસીએ તો એનો બહુ મોટો કાળ તો નિગોદમાં ગયો છે. ત્રસની સ્થિતિ તો બહુ અલ્પ છે. અનંત કાળની અપેક્ષાએ ત્રસપર્યાયની સ્થિતિ તો બહુ અલ્પ છે. અને મનુષ્યની સ્થિતિ તો ઘણી અલ્પ છે. કેમકે એ પણ ભાગ્યે જ મનુષ્ય થાય છે. ત્યારે એની અવસ્થામાં જે મલિનતા અને અશુદ્ધતાના જે સંસ્કાર છે એ તો એણે પ્રચુર કલંકના સંસ્કાર અનંત અનંતકાળ સુધી પોષ્યા છે. એને થયા જ કર્યા છે. આવી જે દૃઢ થયેલી, ગાઢ થયેલી અશુદ્ધતા એ કેમ ટળે? કે એ એક સમ્યગ્દર્શનથી ટળે. 'દંસ્સણ મૂલો ધમ્મો'. મૂળ જે, ધર્મનું મૂળ જે આખા પરમાત્મપદ અને સિદ્ધપદનું મૂળ એ સમ્યગ્દર્શન છે. એ મૂળના સ્થાને એ ભાવ હોવાથી સમ્યગ્દર્શનનો પરિણામ-ભાવ મૂળના સ્થાને હોવાથી એની વિશેષ મહત્તા છે કે ત્યાંથી ધર્મનું વૃક્ષ પાંગરે છે.

'શ્રીમદ્જી'એ એ વાત લીધી છે કે જે જ્ઞાન ભવહેતુ

થતું હતું... દેવોને, નારકીઓને અવધિજ્ઞાન હોય છે પણ એ કુઅવધિ જ્ઞાન હોય છે. જ્યાં સુધી મિથ્યાદર્શન સહિત અવધિજ્ઞાન હોય છે, મતિશ્રુત ઉપરાંતનો આ અવધિજ્ઞાનનો ઉઘાડ છે, પણ મિથ્યાદર્શન સહિત મતિ, શ્રુત અને અવધિનો વિશેષ ઉઘાડ હોય તોપણ તે જ્ઞાન રાગ-દ્વેષનું નિમિત્ત થઈ અને ભવ હેતુ થાય છે. સમ્યગ્દર્શન થતાં એક જ સમયમાં તે જ્ઞાન જાત્યાંતર થઈને ભવ નિવૃત્તિરૂપ થાય છે. એક સમયમાં જેણે જ્ઞાનને.. એનો એ જ ઉઘાડ છે, હોં!

મિથ્યાદષ્ટિ જીવને મતિજ્ઞાનનો ઘણો ઉઘાડ હોય, શ્રુતજ્ઞાનનો ઘણો ઉઘાડ હોય અને અવધિજ્ઞાનનો ઘણો ઉઘાડ હોય, એ મિથ્યાદર્શન સહિતપણામાં એને ઘણા અનેક ભવોના બંધનનું કારણ થાય. જો તે જ જીવને ચાલુને ચાલુ તે સ્થિતિમાં સમ્યગ્દર્શન થાય તો એક સમયમાં જ્ઞાનની જાતિ પલટો મારે છે. તેનો તે ઉઘાડ, તેવો ને તેવો ઉઘાડ જે ભવબંધનું કારણ થતું હતું તે જ ભવ નિવૃત્તિના કારણરૂપ થઈ જાય છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનના કારણે.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શનના કારણે. એક સમયમાં જેણે જ્ઞાનને જાત્યાંતર કર્યું, 'શ્રીમદ્જી' તો એમ કહે છે કે એ સમ્યગ્દર્શનને હું નમસ્કાર કરું છું. એવા કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર હો! એવા શબ્દો વાપર્યા છે. જો કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર હો તો એના ધણી એવા આત્માને પણ નમસ્કાર હો! સમ્યગ્દષ્ટિ આત્માને પણ નમસ્કાર હો! એમ છે. જો સમ્યગ્દષ્ટિને નમસ્કાર છે એનો અર્થ કે સમ્યગ્દર્શનને નમસ્કાર છે. જો સમ્યગ્દષ્ટિના આત્માના નમસ્કારનો નિષેધ થાય તો એમાં સમ્યગ્દર્શનનો નિષેધ છે. એ આત્માનો નિષેધ નથી પણ એમાં સમ્યગ્દર્શનનો નિષેધ છે. બહુ મોટી વાત છે આ.

**'તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે.'** એ સારાંશ છે. તાત્પર્ય એ છે કે અશુદ્ધતા જવાનો અને શુદ્ધતા થવાનો સમય એક છે. અંધકાર જવાનો અને પ્રકાશ થવાનો સમય એક છે. પાછળથી થાય છે એમ છે નહિ. એ ૧૬૭ બોલ પૂરો થયો.

***

## ઉત્તમ ક્ષમા

દસલક્ષણ પર્યુષણ પર્વ પ્રસંગે ભાવલિંગી સંત મહા મુનિરાજની સાધનાને સ્મરણમાં લઈ આપણે પણ તે સાધનાને યોગ્ય થઈએ તેવી ભાવના સાથે, સમગ્ર વર્ષ દરમ્યાન જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને મન-વચન-કાયાના યોગે દોષિત ભાવોથી દુઃખ પહોંચ્યું હોય તો તે સર્વેની શુદ્ધ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

—સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર



## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૭-A

પ્રશ્ન :- અનુભવ થાય એ જે વચ્ચેના કયા કયા પગથિયા આવે અને તેનો આપણને કેમ ખ્યાલ આવે કે આપણે સાચા માર્ગે છીએ?

ઉત્તર :- શું બાહ્ય વસ્તુનું જ્ઞાન થાય...?

પ્રશ્ન :- બાહ્યલક્ષી જ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ સમજાય અને અનુભવ થાય એ બે વચ્ચેમાં કયા કયા પગથિયા આવે?

ઉત્તર :- બાહ્યલક્ષી જ્ઞાનમાં તો એ વિચાર કરે, નિર્ણય કરે એ બધું આવે અંદર. સાચું સ્વરૂપ શું છે? બાહ્યલક્ષી જ્ઞાન એટલે અંતર તરફ રુચિ તો હોવી જોઈએ, પોતાના સ્વરૂપની રુચિ હોવી જોઈએ. સ્વભાવને ઓળખવો જોઈએ. બાહ્યલક્ષી જ્ઞાન એટલે એ પોતાના સ્વરૂપને ઓળખવું જોઈએ. જ્ઞાનસ્વભાવ હું છું. હું આ વિભાવ નથી. સ્વભાવ મારો જુદો છે, વિભાવ મારું સ્વરૂપ નથી. અને ભેદજ્ઞાનની રુચિ હોવી જોઈએ એ તરફનો એને મહિમા હોવો જોઈએ, વૈરાગ્ય હોવો જોઈએ. પરપદાર્થ (અને) અંતર વિભાવથી વૈરાગ્ય હોવો જોઈએ. એ બધું અંદર આવે. લગની લાગે, આત્મા વિના ક્યાંય રુચે નહિ, એ બધું હોવું જોઈએ અંદર. સાચી જિજ્ઞાસા હોવી જોઈએ. વારંવાર સ્વરૂપ વગર ચેન પડે નહિ. પછી વિચાર કરે, વાંચન કરે. શુભભાવોમાં એ બધું હોવું જોઈએ. અંતર ધ્યેય આત્માનું હોવું જોઈએ. અનુભવ તો પોતે જ્ઞાયકસ્વભાવને ઓળખે, ભેદજ્ઞાન થાય, જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો અનુભવ થાય.

પ્રશ્ન :- એમ છે કે બહિર્લક્ષી જ્ઞાનમાં તો સમજાય ગયું કે આ કરવા જેવું છે. પણ એવું નક્કી કર્યા પછી અનુભવ થાય ત્યાં સુધીમાં વચમાં જે પગથિયા આવે, આપણને કેમ ખબર પડે આપણે આગળ વધીએ છીએ? એ પ્રશ્ન છે.

ઉત્તર :- બાહ્યલક્ષી જ્ઞાનમાં વિચાર કરે. એ પોતાને ખબર પડે સાચી રુચિ હોય તો. કે આપણે ક્યાં માર્ગમાં આવ્યા છીએ. કે અંતરની રુચિ આપણને આત્માની જ છે. બીજી રુચિ નથી. આત્મા જ જોઈએ. બીજું કાંઈ જોઈતું નથી. પગથિયા આ આવે. એ પગથિયા એ કાંઈ એમ... પોતાની રુચિ કેટલી છે એ ઓળખે પોતે. પોતાને કેટલી મહિમા આત્મા તરફની છે? બહારની મહિમા કેટલી છૂટી ગઈ છે? કેટલી અંતરમાંથી વિરક્તિ થઈ છે? સાચું તત્ત્વ સમજવાની કેટલી રુચિ છે? દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું સ્વરૂપ ઓળખાય છે કે નથી ઓળખાતું કે કાંઈ ભૂલ થાય છે? એ બધા અંદરથી વિચાર કરી નિર્ણય કરે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, મુક્તિનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ બધું વિચારથી નક્કી કરે. કેવળજ્ઞાનનું સ્વરૂપ બધું. પોતાને ખબર પડે પોતે કે સાચું સમજે છે, ખોટું સમજે છે. સાચી જિજ્ઞાસા હોય તો સમજે. આત્માની જ લગની લાગી હોય તો સમજે. નહિતર ખોટામાં એમ માની લે કે આપણે સાચું સમજીએ છીએ. એમ પણ થઈ જાય. જો સાચી લગની ન હોય તો એવું થઈ જાય એને.

પગથિયા તો અનેક જાતના આવે. એને રુચિ મંદ થાય, તીવ્ર થાય, પુરુષાર્થ કરે, આગળ જાય. અનેક જાતના પોતાના પરિણામ પોતે ઓળખે. બીજું કોઈ ઓળખે નહિ. પોતે આગળ જાય છે કે પાછો જાય છે, શું થાય છે એ બધું ઓળખે પોતાને. બીજું કોઈ ઓળખે નહિ. બહારથી ન ખબર પડે. સાચો નિર્ણય છે કે નથી? કે અંદર દઢતા

પોતાને કેટલી છે? પોતાના વિચારમાં ભૂલ થાય છે? શું થાય છે? એ બધી લગની, સાચી જિજ્ઞાસા હોય તો સમજાય. નહિતર એને એમ થાય કે આપણે બધું સમજી ગયા છીએ. સમજી ગયા છીએ, હવે તો પુરુષાર્થ કરવાનો બાકી છે એમ થાય. ક્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપ સમજવામાં ખામી છે? એ પોતાની સાચી લગની ન હોય તો ખબર ન પડે કાંઈ. તો ભ્રમ થઈ જાય એને કાંઈક. પોતે ધ્યાન ખૂબ કરે તો મને કાંઈક પ્રગટ થઈ ગયું એવું પણ માની લે. સાચો નિર્ણય કરે તો હા, તો એમ જ છે એમ થઈ જાય. એની મહિમા કેટલી આવવી જોઈએ એ બધું સમજે પોતે. ખરી જિજ્ઞાસા હોય તો સમજે. નહિતર ભૂલ થાય. થોડામાં ઝાઝું માની લે. એવું થાય. કો'ક એને વાહ-વાહ કહે તો પોતાને અંદર માન ચડી જાય. એ તો અનેક જાતના પગથિયા આવે છે વચમાં. મારે કરવાનું બાકી છે એ ભૂલી જાય. જાણે મેં બધું કર્યું. મને એકદમ આવડી ગયું. એવું બધું આવે વચમાં. એ બધું પોતે આત્માર્થી હોય તો બધું ગૌણ કરીને આગળ જાય.

પ્રશ્ન :- સ્વરૂપનું ભાવભાસન અને આત્માનો અનુભવ બંને એક છે કે તફાવત છે?

ઉત્તર :- ભાવભાસન અને અનુભવ. ભાવ તો એણે ભાવને ગ્રહણ કર્યો, સ્વભાવને અંદરથી ઓળખી લીધો. અને અનુભૂતિ તો એની પરિણતિ સ્વરૂપમાં જામી ગઈ છે. ભાસન એટલે એ તો એના જ્ઞાનમાં આવ્યું. ભાવ જેવો છે એવો એણે ગ્રહણ કર્યો. સ્વભાવભાવને ગ્રહણ કર્યો. આ તો સ્વરૂપમાં જામી ગયો છે પોતે. અનુભવ એ જુદું છે અને ભાવભાસન જુદું છે. એનો તફાવત છે. એનો ભાવ એને ભાસન માત્ર થાય છે. ઓલી એને અનુભૂતિ થાય છે. ભાવ એને ગ્રહણ થાય છે કે આ સ્વભાવે હું છું. એમ. ઓલું તો એને પરિણતિ સાક્ષાત્ અનુભૂતિ થાય છે. જેમ છે એમ પોતે એમાં સ્વરૂપમાં જામી જાય છે. અનુભૂતિથી આત્મા ઓળખાય છે. ઓલા ભાસનથી ઓળખાય છે.

પ્રશ્ન :- અનુભવ પહેલા ભાવભાસન હોય?

ઉત્તર :- હા. પહેલા ભાવભાસન હોય છે.

પ્રશ્ન :- ભાવભાસનમાં જ્ઞાનની મુખ્યતા અને અનુભૂતિમાં ચારિત્રની મુખ્યતા એમ લેવું?

ઉત્તર :- ભાવભાસન એ ભલે જ્ઞાનની મુખ્યતા, ઓલામાં ચારિત્રની મુખ્યતા એમ નથી. સાચી સમ્યક્ પરિણતિ જ એ વખતે થાય છે અનુભૂતિ વખતે. આ તો એને ભાવભાસન થયું છે. હજી એને પરિણતિ નથી પ્રગટ થઈ. એ સમ્યક્ નામ એ પરિણતિ પ્રગટ થાય ત્યારે એને નામ અપાય છે.

પ્રશ્ન :- ભાવભાસન થાય તો સમ્યક્ તો થાય જ?

ઉત્તર :- યથાર્થ હોય તો થાય. કારણ યથાર્થ હોય તો કાર્ય આવે.

પ્રશ્ન :- ધારણા જ્ઞાન અને ભાવભાસન..

ઉત્તર :- ધારણા જ્ઞાનમાં એને વિચારથી નક્કી કરે છે યુક્તિથી, ન્યાયથી. ઓલાને ભાવ એને અંતરમાં એવી જાતનું એમ કે બસ! આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું. સ્વભાવ ઉપરથી તે નક્કી કરે છે કે આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું. એમ એના સ્વભાવો ઉપરથી નક્કી કરે છે કે આ જે જ્ઞાન જ્ઞાન થઈ રહ્યું છે તે હું છું. અંદર જ્ઞાયક તે હું છું. એમ ભાવ ઉપરથી નક્કી કરે છે એ ભાવભાસન છે. વિચારો, યુક્તિથી દલીલથી નક્કી કરે, વિચારથી નક્કી કરે. પોતાને ભાવમાં ભાસે છે કે આ જ્ઞાયક તે હું છું.

પ્રશ્ન :- ધારણા જ્ઞાનમાં યુક્તિ અને ન્યાયથી નક્કી કર્યું અને ભાવભાસનમાં સ્વરૂપને ઓળખીને...

ઉત્તર :- હા, સ્વરૂપને અંદર ભાવને ઓળખીને નક્કી કરે છે.

પ્રશ્ન :- ધારણા જ્ઞાન સાચું હોય છતાં ભાવભાસન ન થાય અંદર.

ઉત્તર :- ધારણાજ્ઞાનમાં ભાવભાસન હોય જ એવું કાંઈ નથી હોતું. એ તો ધારીને નક્કી કર્યું છે.

પ્રશ્ન :- ધારણાજ્ઞાન એટલે કેવળ પોપટની જેમ ખાલી ધારણા કરી લીધી, યુક્તિ અને ન્યાયથી.

ઉત્તર :- ધારણામાત્ર બધું સમજી લીધું, યાદ રાખી લીધું. એમ. ધારણાનો અર્થ યાદ રાખી લીધું બધું. નક્કી કર્યું વિચારથી. જે શાસ્ત્રમાં આવે છે, જે 'ગુરુદેવે' કીધું છે એ બધું પોતે ધારી લીધું. અને એ પોતાના ભાવમાં બેસાડવું અંદર 'આ જ્ઞાયક તે હું' એ જુદું રહી જાય છે.

પ્રશ્ન :- જ્ઞાનના સ્વરૂપથી જ્ઞાયકને પકડે એ ભાવભાસન વખતે...

ઉત્તર :- જ્ઞાનના સ્વરૂપથી જ્ઞાયકને પકડે તે ભાવભાસન છે. ચારિત્ર—સ્વરૂપાચરણચારિત્ર એ નિર્વિકલ્પદશામાં છે. પણ એ કાંઈ ચારિત્રની મુખ્યતા એમ ન કહેવાય. એમાં તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર બધું સાથે છે. અને ભાવભાસન એ તો સમ્યગ્દર્શન થયા પહેલાનું એક કારણ છે. ચારિત્ર નામ તો પછી સમ્યગ્દર્શન થયા પછી આગળ જાય ત્યારે એ ચારિત્ર ગણાય છે. ત્યાં તો સ્વરૂપ આચરણ ચારિત્ર જે સમ્યગ્દર્શનની સાથે જે હોય જ છે એમાં એનો સમાવેશ થાય છે.

પ્રશ્ન :- માતાજી! ... રાગ થાય છે પણ રાગનો રસ નથી. એ વાત આપના શ્રીમુખેથી હું સ્પષ્ટ સમજવા માંગુ છું કે રાગનો રસ કોને કહેવો? રાગ તો ખ્યાલમાં છે. રાગનો રસ એને હોતો નથી. આમ જોઈએ બહારથી તો રસ પકડી શકાતો નથી. તો આપના શ્રીમુખેથી સમજવું છે કે રસ કોને કહેવો?

ઉત્તર :- રાગનો રસ અંતરથી ન્યારો રહે છે. રાગ આવે એ ક્ષણે જ આ રાગ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાયક છું. વીતરાગસ્વરૂપ છું, આ રાગ મારું સ્વરૂપ નથી. રાગથી ન્યારો રહે છે. રાગમાં એકતા કરીને કે આ રાગ કરવા જેવો છે એવું નથી. રાગથી છૂટો રહે છે. કરવા જેવો એટલા પૂરતું નહિ પણ એનાથી ન્યારો રહે છે. એનો રસ નથી. આ બધું શુભાશુભ દરેક ભાવો પ્રશસ્ત એ પ્રશસ્તથી પણ ન્યારો રહે છે. એટલે દરેક ઉપરથી એનો રસ બધાથી ન્યારો જ રહે છે. એને એ જાતનો રસ નથી. એટલી એકત્વબુદ્ધિ થતી નથી અને રસ ઊડી ગયો છે અંતરમાં. બધી એની આકુળતા જ લાગે છે. એનાથી રસ ઉતરી ગયો. બસ! એક મારો આત્મા જ્ઞાયક એનો જ રસ. તે જ નિવૃત્તમય સુખસ્વરૂપ છે. આ બધું આકુળતારૂપ છે. રાગથી જુદો રહે છે, એના તે સાક્ષીભાવે રહે છે. એનો રસ ઉતરી ગયો છે. ગમે તેવા ઊંચા ભાવોમાં હોય તોપણ ન્યારો રહે છે.

પ્રશ્ન :- જ્ઞાનીનું ન્યારાપણે રહેવું એનું નામ એને રાગનો રસ નથી એમ લેવું?

ઉત્તર :- હા. રસ ન હોય તો જ ન્યારો રહી શકે. જો રસ જેને હોય એ રાગની સાથે ભેગો થઈ જાય. જેને રસ નથી એ જ એટલો છૂટો રહી શકે છે. ન્યારો રહે છે એ જ એને રાગનો રસ નથી. એટલે જ એ ન્યારો રહી શકે છે. રસ જેને હોય એ ન્યારો રહી શકે જ નહિ.

પ્રશ્ન :- એક એવી વ્યાખ્યા બાંધવામાં આવે છે કે રાગ થયો અને રાગમાં એની મજા પડે છે. તો એને ત્યાં એક્તાબુદ્ધિ અને રાગનો રસ છે. મજા પડે છે એ કયા લક્ષણથી આપણે...?

ઉત્તર :- રાગની એકત્વબુદ્ધિ એ જ એનો રસ છે. રાગથી છૂટી નથી પડતો. એ તો ઘણા જીવો વૈરાગી હોય છે. એને સંસારથી વૈરાગ્ય આવ્યો હોય છે, એને કાંઈ રસ રહ્યો નથી અને એને કોઈ અશુભભાવોનો રાગ નથી એટલે એ વૈરાગી છે. એટલે એ તો વિરક્ત દેખાય છે. બધું દેખાય છે. આ ત્યાગીને ચાલ્યો જાઉં એવી ભાવના હોય છે.

પણ શુભભાવનો રાગ છે એને. એ શુભભાવોમાં એવો રાગ છે એને એકતાબુદ્ધિ જેવો રાગ છે કે આ બધું તો જાણે કેમ સર્વસ્વ હોય એવો રાગ છે. માટે એને રાગ ઊભો જ છે. એક બાજુથી વિરક્ત દેખાય પણ બીજી બાજુ પાછો એવો રસ છે. માટે એ રાગથી છૂટો પડ્યો નથી. માટે રાગનો રસ ઊભો જ છે.

આ તો રાગમાં કેટલાક જીવો તો વૈરાગી હોય છે. એમ. એને સારું માનતા પણ નથી. એને છોડવા જેવું માગે છે. આ બધો સંસાર આકુળતારૂપ, દુઃખરૂપ છે એવું માનતા હોય છે. એ બધું દુઃખરૂપ છે, એ બધું અનિત્ય જ છે. એવા વૈરાગી દેખાય કે કાંઈ એને રસ ન પડતો હોય, રસ ઊડી ગયો છે એવું દેખાય. પણ જે શુભભાવો હોય, શુભભાવમાં એને એવી જાતની અંદર એકત્વબુદ્ધિ હોય છે. એને લઈને એક બાજુ એકત્વબુદ્ધિ છે એટલે એને બધી બાજુ એકત્વબુદ્ધિ છે. ઓલો જે વૈરાગ્ય આવ્યો છે એ વૈરાગે એને બધી રીતે ચારે તરફથી નથી. રાગને આદરણીય માને છે એમ છે.

પ્રશ્ન :– એને અશુભનો પણ રસ છે એમ કહેવાય?

ઉત્તર :– હા. બધો રસ પડ્યો છે અંદર. એના ઉપયોગમાં કે એમાં એને પકડાતું નથી પણ અંદરમાં પડ્યો છે. કોઈ હેતુથી એને છૂટી ગયો છે કે આ દુઃખરૂપ છે, આનું ફળ નથી સારું, નરક–નિગોદનું ફળ છે, આ બધું અનિત્ય છે એ ગમે ઈ હેતુથી છૂટ્યું છે. પણ પોતાનો સ્વભાવ ઓળખીને છૂટ્યો નથી એટલે પડ્યું છે બધું. પાછો એ કાંઈ દેવલોક કે કાંઈક મળે ત્યાં બધો જે રાગ હોય એ એને ઊભો થાય. એટલે અંદરથી છૂટ્યો નથી.

પ્રશ્ન :– ચૈતન્યનું ગ્રહણ થાય એને જ ખરેખર રાગનો રસ નથી એમ કહેવાય?

ઉત્તર :– ચૈતન્યનું ગ્રહણ થાય તો જ રાગનો રસ છૂટે. દરેક ભાવો ઉપરથી રસ છૂટી જાય તો જ એને રસ છૂટ્યો છે. ચૈતન્યનું ગ્રહણ થાય, ચૈતન્યતાની રુચિ થાય. ભલે એને ભાવનારૂપે છે. એકત્વ પરિણતિ છૂટીને થાય એ જુદું છે પણ એને ભાવનારૂપે છે કે કોઈ વિકલ્પનો અંશ કોઈપણ મને સુખદાયક નથી, કાંઈ આદરણીય નથી. એવી રુચિ અંદર થાય, ચૈતન્યને ગ્રહણ કરે તો એને ભાવનારૂપે એવી રીતે રસ છૂટી ગયો છે.

પ્રશ્ન :– પછી કોઈ વખતે અશુભમાં આમ રસ વેદાતો પણ દેખાય.

ઉત્તર :– એને દેખાય. પણ જેને શુભમાંથી છૂટ્યો એને અશુભભાવોમાંથી તો અંદર અમુક પ્રકારે છૂટેલો જ હોય એની રુચિમાં. પણ બહારમાં કાંઈ કોઈ છોડી ન શકતો હોય. એમ. એ કાંઈ એને આદરણીય તો હોય નહિ. જેને શુભમાંથી છૂટો થવાનું થતું હોય એને અશુભમાંથી છૂટવું એને અંદરથી વૈરાગ્ય હોય પણ કોઈ કારણે છૂટી ન શકતો હોય. એવી રુચિ પોતા તરફની હોવી જોઈએ.

પ્રશ્ન :– એને રુચિમાં શુભભાવ પણ છૂટ્યો છે, એને રુચિમાં અશુભભાવ તો ન જ હોય. પછી પોતાના અમુક નબળાઈના કારણે...

ઉત્તર :– ઊભો હોય પોતે. એવા ગૃહસ્થાશ્રમના કાર્યમાં ઊભેલો હોય.

પ્રશ્ન :– ભાવનામાં આ રીતે છૂટી શકે?

ઉત્તર :– હા. ભાવનામાં છૂટી શકે. આદરણીય એક ચૈતન્ય જ છે, બીજું કાંઈ આદરણીય નથી. એક ચૈતન્ય જ ગ્રહણ કરવાયોગ્ય છે. બીજું કાંઈ ગ્રહણ કરવાયોગ્ય નથી. જે 'ગુરુદેવે' માર્ગ કીધો અને જે પોતાને અંદરથી બેઠો. બસ! એક ચૈતન્ય જ ગ્રહણ કરવા જેવું છે, બીજું કાંઈ ગ્રહણ કરવા જેવું નથી. બીજું બધું હેય છે, એક ચૈતન્ય આદરણીય છે. શુભભાવો વચ્ચે અશુભભાવોથી બચવા માટે શુભભાવો આવે છે. દેવ–ગુરુ–શાસ્ત્ર તરફના શુભભાવો

આવે છે. પણ ચૈતન્યની અપેક્ષાએ કાંઈ આદરણીય નથી. ચૈતન્ય જ આદરણીય છે અને તે જ મહિમાવંત છે.

પ્રશ્ન :- ભાવનાથી રાગનો રસ છૂટે છે એમાં જ્ઞાન તો સમ્યક્ નથી. એટલે ત્યાં એ પકડવું કે ખરેખર ભાવનાથી છૂટ્યો છે અને છતાં બહારમાં એમ કે સાચું જ ખરેખર ભાવનાથી છૂટ્યું છે એવો નિર્ણય થવામાં ત્યાં થોડો એ લાગ્યું..

ઉત્તર :- પોતે ક્યાં ઊભો છે એ પોતાને ગ્રહણ કરવાનું રહે છે કે પોતાને કેવી રીતે છૂટ્યો છે. અંદર ચૈતન્યની મહિમા આવીને, ચૈતન્ય તરફની શ્રદ્ધા કેવી છે? રુચિ કેવી છે એ પોતાનું પોતાને વિચારવાનું રહે છે.

***

## તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર

મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે? મરણની વેદના પણ કેટલી હશે? 'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે. પણ શું તને કોઈ બચાવી શકશે? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે? જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મઆરાધના કરી હશે, આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. માટે અત્યારથી જ તે પ્રયત્ન કર. 'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે. જીવનમાં એક શુદ્ધાત્મા જ ઉપાદેય છે. **(પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત-૪૧૨)**

***

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યા જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. **(પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત-૪૧૬)**

***



# શ્રદ્ધા સુમન

શ્રી હીરાલાલજી કાલા, કુચામણના રહેવાસી નાનપણથી પૂજ્ય ગુરુદેવશ્રીના સંપર્કમાં આવ્યા બાદ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના પૂર્ણ શ્રદ્ધાનપૂર્વક શરણ અંગીકાર કર્યું. નાની ઉંમરથી તેઓને સત્‌શાસ્ત્ર સ્વાધ્યાય પ્રત્યે રુચિ રહી છે. તેઓ તેમના પિતાજીની અંત સમયે નાદુરસ્ત તબિયત વખતે તેમને મોક્ષમાર્ગ પ્રકાશકમાંથી સ્વાધ્યાય કરાવતા.

તેમના મૂળ ગામ કુચામણમાં જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રી પધારવાના હતા ત્યારે પણ ગામના રહેવાસીઓના પ્રબળ વિરોધ વચ્ચે પણ તેઓએ હિંમતપૂર્વક પૂજ્ય ગુરુદેવનું ભવ્ય સ્વાગત તથા રથયાત્રા ગોઠવી અને તત્ત્વજ્ઞાનનો લ્હાવો લીધો. ભાવનગર જિનમંદિરના નિર્માણ કાર્ય વખતે તેઓનું યોગદાન પણ મહત્ત્વપૂર્ણ રહ્યું. તે વખતે પણ તેઓની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિ તથા જિનવાણી પ્રત્યેની ભક્તિમાં યોગદાન દેખાઈ આવે છે.

જિનવાણી પ્રત્યેની તેમની અથાગ ભક્તિના કારણે તેઓએ વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટની સ્થાપના કરી અને જિનવાણી પ્રકાશનનું મંગળ કાર્ય શરૂ કર્યું જે આજ દિન પર્યંત ચાલુ છે. જિનવાણી પ્રત્યેની અથાગ ભક્તિને કારણે તેમણે આખા હિન્દુસ્તાનમાં સ્થિત જિનવાણી ભંડારમાં રહેલ પાંડુલિપીને સુરક્ષિત કરવાની કાર્ય પણ કર્યું. અંતિમ વર્ષોમાં પૂજ્ય ભાઈશ્રીની ઉપસ્થિતિમાં તેઓ વિદેશમાં પણ જિનવાણીની ખોજ અર્થે ગયા. ગમે ત્યારે તેમની સમક્ષ જિનવાણી પ્રકાશનની વાત આવતી ત્યારે તેઓ હંમેશા પ્રસન્નતાપૂર્વક પ્રકાશિત કરતા.

તેમના જીવન દરમ્યાન અનેક મુમુક્ષુઓ તેમના સંપર્કમાં આવતા અને હમેશા તેઓ ઘરે લઈ આવી તેમને સર્વ પ્રકારની વ્યવસ્થા ગોઠવી આપતા. આ તેમના સાધર્મી વાત્સલ્યનું ઉદાહરણ છે. કોઈપણ જીવ દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપ આવતો હોય તો કાયમ તેમની સાથે ઊભા રહેતા અને મન-વચન-કાયાથી સર્વ પ્રકારે સહાયક થતા. તેમના જીવન દરમ્યાન ઘટેલ મરણતુલ્ય અકસ્માત વખતે પણ તેઓનો નિજાત્મ તત્ત્વનો પ્રેમ આવિર્ભૂત થયેલ. જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને આ વાતની ખબર પડી ત્યારે તેઓશ્રીએ મુક્તકંઠે પ્રશંસા પણ કરી. જિનવાણી પ્રત્યે તો તેમને પ્રેમ હતો જ પરંતુ સત્પુરુષ પ્રત્યેની અર્પણતા પણ અનુમોદનીય છે. તેમના જન્મ દિવસે પૂજ્ય બહેનશ્રી તેમને કાયમ આહારદાન માટે સ્વિકૃતી આપતા અને તેઓ કાયમ ભાવપૂર્વક પૂજ્ય બહેનશ્રીને આહારદાન આપતા. આવો અમૂલ્ય લ્હાવો પણ તેમને પ્રાપ્ત થયો છે. સોનગઢ મધ્યે નિર્માણ થયેલ ગુરુ-ગૌરવ (પૂજ્ય સોગાનીજી સ્મારક ભવન)માં પણ તેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે.

આવા અનેકાનેક પ્રસંગો તેમની દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની તથા તત્ત્વની પ્રીતિને પ્રસિદ્ધ કરે છે. તેમનો વિયોગ ટ્રસ્ટના સર્વ સભ્યોને તથા મુમુક્ષુઓને સાલે એ સ્વાભાવિક છે. આ પ્રસંગે સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર તેમના પ્રત્યે ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરે છે અને તેમના કુટુંબીજનો પ્રત્યે સાંત્વના પ્રેષિત કરે છે. સદ્‌ગત આત્મા શીઘ્રાતીશીઘ્ર આત્મ કલ્યાણને સાધી શાશ્વત સુખ-શાંતિની પ્રાપ્તિ કરે એ જ ભાવના.

—સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર

પરાભક્તિ છે. પરમમહાત્મ્યા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી; પરમાત્માને નિરંજન અન નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાનીપુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે. આ વિષે શ્રીમદ્ ભાગવતમાં, ભગવદ્‌ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રશંસ્યો છે; અધિક શું કહેવું? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ઠી મંત્રમાં 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.

બીજું એક પ્રશ્ન (એકથી અધિક વાર) આપે એમ લખ્યું હતું કે વ્યવહારમાં વેપારાદિ વિષે આ વર્ષ જેવું જોઈએ તેવું લાભરૂપ લાગતું નથી; અને કઠણાઈ રહ્યા કરે છે.

પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું. અથવા તો ચાહીને પરમાત્માની ઈચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે. જનક વિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે, તથાપિ તેમ નથી. જનક વિદેહીની કઠણાઈ વિષે કંઈ અત્ર કહેવું જોગ નથી, કારણ કે તે અપ્રગટ કઠણાઈ છે, અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઈ પ્રગટ જ છે, તેમ અષ્ટમહાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રસિદ્ધ જ છે; તથાપિ કઠણાઈ તો ઘટારત જ હતી, અને હોવી જોઈએ. એ કઠણાઈ માયાની છે; અને પરમાત્માના લક્ષની તો એ સરળાઈ છે, અને એમ જ હો. .... રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું; અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું અને વર માગવા કહ્યું ત્યારે .... રાજાએ માગ્યું કે હે ભગવાન ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી, તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપનું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા.

કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે. કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્‌ભક્તને સરખાં જ છે; અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.

આપને તો એ વાર્તા જાણવામાં છે; તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઈ હોવી ઘટારત નથી એમ ઊગતું હોય તો તેનું કારણ એ જ છે કે પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે, તે ટાળવા આ કઠણાઈ મેં મોકલી છે. અધિક શું કહેવું ? એ એમ જ છે.

***




## પત્રાંક--૨૨૨

મુંબઈ, ફાગણ વદ ૧૧, ૧૯૪૭

જ્યોતિષને કલ્પિત કહેવાનો હેતુ એવો છે કે તે વિષય પારમાર્થિક જ્ઞાને કલ્પિત જ છે, અને પારમાર્થિક જ સત્ છે; અને તેની જ રટણા રહે છે. મને પોતાને શિર હાલ ઉપાધિનો બોજો ઈશ્વરે વિશેષ મૂક્યો છે. એમ કરવાની તેની ઈચ્છા સુખરૂપ જ માનું છું.

પંચમકાળને નામે જૈન ગ્રંથો આ કાળને ઓળખે છે; અને કળિકાળને નામે પુરાણ ગ્રંથો ઓળખે છે, એમ આ કાળને કઠિન કાળ કહ્યો છે; તેનો હેતુ જીવને 'સત્સંગ અને સત્શાસ્ત્ર'નો જોગ થવો આ કાળમાં દુર્લભ છે, અને તેટલા જ માટે કાળને એવું ઉપનામ આપ્યું છે.

અમને પણ પંચમકાળ અથવા કળિયુગ હાલ તો અનુભવ આપે છે. અમારું ચિત્ત નિઃસ્પૃહ અતિશય છે; અને જગતમાં સસ્પૃહ તરીકે વર્તીએ છીએ, એ કળિયુગની કૃપા છે.

***

## પત્રાંક--૨૨૩

મુંબઈ, ફાલ્ગુન વદ ૧૪, બુધ, ૧૯૪૭

देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि।
यत्र तत्र मनो याति, तत्र तत्र समाधयः।।

હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુઃખી એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન, તે જેનું ગળી ગયું છે, અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.

આપના પત્ર ઘણી વાર વિગતથી મળે છે; અને તે પત્રો વાંચી પ્રથમ તો સમાગમમાં જ રહેવાની ઈચ્છા થાય છે. તથાપિ... કારણથી તે ઈચ્છાનું ગમે તે પ્રકારે વિસ્મરણ કરવું પડે છે; અને પત્રનો સવિગત ઉત્તર લખવા ઈચ્છા થાય છે; તો તે ઈચ્છા પણ ઘણું કરીને ક્વચિત્ જ પાર પડે છે. એનાં બે કારણ છે. એક તો એ વિષયમાં અધિક લખવા જેવી દશા રહી નથી તે; અને બીજું કારણ ઉપાધિયોગ. ઉપાધિયોગ કરતાં વર્તતી દશાવાળું કારણ અધિક બળવાન છે; જે દશા બહુ નિઃસ્પૃહ છે; અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી; અને તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયા કરે છે; એ વિષયમાં લેખનશક્તિ તો એટલી બધી શૂન્યતા પામી છે; વાણી પ્રસંગોપાત્ત હજુ એ વિષયમાં કેટલુંક કાર્ય કરી શકે છે; અને તેથી આશા રહે છે કે સમાગમમાં જરૂર ઈશ્વર કૃપા કરશે. વાણી પણ જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી, તેવી હવે લાગતી નથી; લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમાં ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શકતી નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે.

આપે એક વાર ભક્તિના સંબંધમાં પ્રશ્ન કર્યું હતું, તે સંબંધમાં વધારે વાત તો સમાગમે થઈ શકે તેમ છે, અને ઘણું કરીને બધી વાતને માટે સમાગમ ઠીક લાગે છે. તોપણ ઘણો જ ટૂંકો ઉત્તર લખું છું.

પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે

*(પત્રનો શેષ અંશ પૃષ્ઠ—૧૮ ઉપર)*